**રાજ્યના વિવિધ શહેર/જિલ્લાઓમાં નવા પોલીસ સ્ટેશન ઉભા કરવા માટે મંજુર કરવામાં આવેલ હંગામી જગ્યાને કાયમી જગ્યામાં રૂપાંતરીત કરવા બાબત**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: મહક/૧૦૦૭/૩૮૯૬/સ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- 06 JAN 2016

**વંચાણે લીધા:-**

૧. ગૃહ વિભાગનો તા.૩૧/૦૩/૨૦૦૮ નો સમાન ક્રમાંકના ઠરાવ
૨. ગૃહ વિભાગનો તા.૦૭/૦૩/૨૦૧૫ નો સરખા ક્રમાંકનો ઠરાવ
૩. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૨૮/૦૮/૨૦૧૫ નો પત્ર ક્રમાંક:ઇ.૧/૧૫૩૬/હંગામી જગ્યા/૨૩૧૬/૨૦૧૫
૪. નાણાં વિભાગનો તા.૨૧/૦૮/૧૯૮૭ ના ઠરાવ ક્રમાંક:સસપ/૧૦૩૮/૧૫૫૪/૮૭/ઝ

**ઠરાવ:-**

રાજ્યના વિવિધ શહેર/જિલ્લાઓમાં નવા પોલીસ સ્ટેશન ઉભા કરવા માટે રાજ્ય સરકારે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિને સંગીન બનાવવા માટે જુદા જુદા સંવર્ગની કુલ ૭૧૮ જગ્યાઓ આમુખ ક્રમાંક (૧) માં દર્શાવેલ ઠરાવથી ઉભી કરવામાં આવેલ આમુખ ક્રમાંક(૨) માં દર્શાવેલ ઠરાવથી વિવિધ સંવર્ગની ભરાયેલ ૪૦૩ જગ્યાઓ ને તા.૨૯/૦૨/૨૦૧૬ સુધી ચાલુ રાખવા મંજુરી આપવામાં આવેલ છે.

૨ રાજ્યના વિવિધ શહેર/જિલ્લાઓમાં નવા પોલીસ સ્ટેશન ઉભા કરવા માટે રાજ્ય સરકારે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિને સંગીન બનાવવા માટે જુદા જુદા સંવર્ગની ભરાયેલ ૪૦૩ જગ્યા છેલ્લા ૭ (સાત) વર્ષ કરતાં વધુ સમયથી વખતો વખત ચાલુ રહેલ અને ભરેલ છે. આ હંગામી જગ્યાને આમુખ ક્રમાંક(૩) થી પોલીસ મહાનિદેશકશ્રીની તા.૨૮/૮/૨૦૧૫ ની દરખાસ્તના અનુસંધાને હંગામી જગ્યાઓને કાયમી જગ્યાઓમાં રૂપાંતર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

૩/- ઉકત આમુખના ક્રમાંક (૧) થી ઉભી કરવામાં આવેલ અને ભરાયેલ નીચે મુજબની ૪૦૩ જગ્યાઓને નીચેની શરતોને આધીન આમુખ ક્રમાંક (૪) આગળના નાણાં વિભાગના ઠરાવની જોગવાઇ અનુસાર હવે કાયમી જગ્યામાં રૂપાંતર કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| અ.નં. | જગ્યાનો સંવર્ગ | ભરાયેલ જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | નાયબ પોલીસ અધિક્ષક | ૦૧ |
| ૨ | પોલીસ ઇન્સ્પેકટર | ૦૬ |
| ૩ | પોલીસ સબ ઇન્સ્પેકટર | ૧૩ |
| ૪ | બિન હથિયારી મદદનીશ સબ ઇન્સપેક્ટર | ૪૬ |
| ૫ | બિન હથિયારી મુખ્ય કોન્સ્ટેબલ | ૧૧૪ |
| ૬ | હથિયારી મુખ્ય કોન્સ્ટેબલ | ૦૨ |

| | | |
|---|---|---|
| ૭ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૯૫ |
| ૮ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (ડ્રાઇવર) | ૦૩ |
| ૯ | હથિયાર પોલીસ કોન્સ્ટેબલ | ૦૯ |
| ૧૦ | મહિલા પોલીસ ઇન્સ્પેકટર | ૦૧ |
| ૧૧ | મહિલા પોલીસ સબ ઇન્સ્પેકટર | ૦૬ |
| ૧૨ | મહિલા મદદનીશ સબ ઇન્સપેક્ટર | ૦૩ |
| ૧૩ | મહિલા મુખ્ય કોન્સ્ટેબલ | ૦૪ |
| | **કુલ** | **૪૦૩** |

(૧) સુચિત જગ્યા કાયમી કર્યા બાદ પણ જરૂરી જણાશે તો આ જગ્યા રદ કરી શકાશે.

(૨) હેતુ માટે જગ્યા ઉભી કરવામાં આવેલ છે તે હેતુ માટે જ સુચિત જગ્યાનો ઉપયોગ કરી શકાશે.

(૩) સુચિત જગ્યા તા.૨૯/૨/૨૦૧૬ સુધી હંગામી રહેશે અને તા.૧/૩/૨૦૧૬ થી સુચિત જગ્યા કાયમી જગ્યા તરીકે અમલી બનશે.

(૪) જે હંગામી જગ્યાને કાયમી કરવામાં આવેલ હોય તે હકીકત દર્શાવતું પત્રક એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ અને અમદાવાદ કચેરીને સત્વરે મોકલી આપવાનું રહેશે.

૪. આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૬-૧૭ માટે અને ત્યાર બાદ જે સદરે જોગવાઇ કરવામાં આવે તે સદર હેઠળ ઉધારવાનો રહેશે.

૫ . આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણાકીય સલાહકારશ્રી(ગૃહ) ની તા.૨૯/૦૯/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ગુંજન વ્હોરા)**
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ

**પ્રતિ,**

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી (ગૃહ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા વિભાગ /ઝ ૧ શાખા, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી.બ, બજેટ, વ , શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી.સેલ, ગૃહ વિભાગની વેબ સાઇટ પર મુકવા વિનંતી સાથે.
- શાખા સીલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સીલેક્ટ ફાઇલ